- ખૂબ જ મજા આવી. નવું જાણવા મળ્યું. બસ આવા પ્રોગ્રામ આવતા રહે. ફિટનેસ માટે આ સંસ્થા ઘણા પ્રયત્નો કરે છે. હોમ ડેકોરેશન માટે વેસ્ટમાંથી બેસ્ટ બનાવી શકાય. કુકીંગ પ્રેઝન્ટેશન સારી રીતે કરી શકીએ એ પણ છે. - પારૂલ યોગેશ શાહ
- વિશાખાબેન સાથે બહુ મજા આવી. કુકીંગમાં સરસ ટીપ્સ આપી અને નવું નવું જાણવાનું મળ્યું અને હાઉસી રમવાની તો બહુ જ મજા આવી. - દિપલ દિપેન શાહ
- પ્રોગ્રામ બહુ સરસ રહ્યો ઘણા સમયે બધાને મળવાનું બન્યું. આપણી આઠમ, પાંખી જેવી તિથિએ પ્રોગ્રામ ન થાય તો વધુ સારું. બાકી બધાની અનુકૂળતા મુજબ. - વિભાબેન આર. શાહ
- વિશાખાબેનની રેસીપી ગમી. એમની સરળતા સ્પર્શી જાય તેવી છે. સમજાવવાની રીત પણ ખૂબ જ સરસ છે. ખૂબ જ મજા આવી. અલગ અલગ વિષયો પરના પ્રોગ્રામ આપશો. જેથી ચેન્જ રહે અને એન્જોય કરી શકાય. - ભાવનાબેન કમલેશભાઈ દોશી
- રેસીપી નાસ્તા માટેની હતી. જે આગળ ડીફરન્ટ સુપનો પ્રોગ્રામ હતો. તેવો પ્રોગ્રામ ન રહ્યો. છતાં આ પ્રોગ્રામમાં ઘણા ટાઈમે મળ્યા હોવાથી મજા આવી. મેક્સીકન ફુડ રેસીપી શીખવાડવામાં આવે. - આરતી હાર્દિક વસાણી
- બહુ જ સરસ પ્રોગ્રામ થયો. - અમીતા જે. શાહ
- અમારા જ ગ્રુપના વિશાખાબેને બહુ જ સરસ પ્રોગ્રામ આપ્યો. વચ્ચે વચ્ચે ઘણી બધી ટીપ્સ પણ આપી. ઘણું બધું જાણવા મળ્યું. થેન્ક્યું સો મચ.. મસ્ત નવા નવા પ્રોગ્રામ લાવો સાથે નવી ગેઈમ પણ રમાડો તો મજા આવે. - મીતા સંઘવી
- ખૂબ સરસ પ્રોગ્રામ રહ્યો અને ડ્રાય નાસ્તા માટે લેડીઝ ઘરમાં કેવી રીતે કરી શકે એના માટેનો પ્રોગ્રામ રાખવો જોઈએ. ૫૦ પછીના પ્રોબ્લેમનો પણ રાખવો જોઈએ. - રુપા બકુલ ગાંધી
- લેડીઝ એક્ટીવીટી ગ્રુપમાં ખૂબ જ સુંદર કુકીંગનો પ્રોગ્રામ થયો. ખૂબ જ મજા આવી. બ્યુટીનો પ્રોગ્રામ, મહેંદીનો પ્રોગ્રામ. જુદી જુદી ટાઈપની હાઉસી ગેમ વિ. - નિકીતા પી. વોરા
- પ્રોગ્રામ ખૂબ જ સરસ હતો. થોડીક તકલીફ પડવા પછી પણ પ્રેઝન્ટેશન ખૂબ જ સરસ કર્યું છે. - મનીષા એન. ગાંધી
- Nice Programme. We enjoyed a lots. Vishakhabenની સ્ટાઈલ અને નોલેજ સારી હતી અને તેમણે ઘણી બધી ટીપ્સ આપી છે. કીડ્સ લંચબોક્સ એન્ડ ડીનર સ્નેક્સ માટેના બીજા પ્રોગ્રામ એરેન્જ કરશો.
- Very Good programme. I am enjoy this programme & I can learn so much in this programme.
  - Digna Dipen Shah
- Today's workshop is very intresting and innovative. I like thsi work shop very much. - Aditi B. Doshi
- Nice Programme. Enjoy Programme. Nice Tips. Fully enjoyed Housei Game. - Chhayaben Shah
- Nice Programme. We are ready to come again. All the Best. - Neela Sanghvi
- All Good. - Kajal Sanghvi
- Good Programme for Samaj ladies. We enjoyed a lot.
  - Sneha Nilesh Vasani
- Very nice Programme. Enjoy. - Rupal Y. Salot
- Enjoyed. - Hiral S. Salot
- Very Nice Programme. Enjoy and innovative Programme. - Kanan Vora
- Nice Programme. - Chetanaben B. Brabhaya
- Good Programme. Nice Cooking Class (Receipe)
  - Kailash K. Doshi





# મણિબેન પટેલ

સોળ વર્ષની કિશોરી માટે દુનિયા કેટલી રંગીન હોય ? સપનાઓ, આશાઓ, અરમાનો, સજાવટ, શણગાર અને ઉભરાઓ... આ બધું જ હૈયામાં ઉછાળા લેતું હોય એવી ઉંમરે મણીબેન રંગીન દુનિયા છોડી પિતાના પગલે ખાદી ધારણ કરે છે. ૧૭ વર્ષની ઉંમરે પોતાની સોનાની બંગડીઓ, સોનાની ઘડિયાળ અને બીજા આભૂષણ ગાંધી આશ્રમમાં જમા કરે છે જેથી આઝાદીની લડતને બળ મળે. ૧૯૨૧ પછી સરદારે હંમેશા પુત્રી મણીબેનના હાથથી વણાયેલા કાપડના વસ્ત્રો જ પહેર્યા. જ્યારે બીજા નેતાઓના પુત્રો પુત્રીઓ વૈભવી જીવન જીવી રહ્યા હતા તે ઉંમરે મણીબેન અસહકારના આંદોલનમાં ઝંપલાવે છે. ૧૯૨૮માં ૨૫ વર્ષની મણીબેન પોતાની જવાની સત્યાગ્રહીઓની સેવામાં ખર્ચે છે. ૧૯૩૦, ૧૯૩૮, ૧૯૪૦, ૧૯૪૨ અને ૧૯૪૪ એમ મણીબેનને અંગ્રેજો સામે બંડ પોકારવાને બદલે વારંવાર જેલવાસ ભોગવવો પડે છે. મણીબેનનો આવો સંઘર્ષ જોઈ ગાંધીજી કહે છે કે ‘મેં મણીબેન જેવી બીજી દીકરી જોઈ નથી.’ મણીબેન આજીવન અપરિણિત રહ્યા. એમણે સરદારની જીવનના અંત સુધી સેવા કરી.

ડો.વર્ગીસ કુરિયન પોતાના પુસ્તક I Too Had A Dreamમાં લખે છે ‘એક વકીલ તરીકે સરદાર પાસે પુષ્કળ આવક હોવા છતાં તેઓની કોઈ મિલકત નહોતી. એમના બેન્ક એકાઉન્ટમાં પૈસા નહોતા. તેઓ માનતા કે એક રાજનેતા પાસે વ્યક્તિગત સંપત્તિ હોવી જોઈએ નહીં. તેઓએ પોતાની બધી જ કમાઈ આઝાદીની લડતમાં સમર્પિત કરી દીધી. સરદાર અને મણીબેન બંનેએ પોતાના વ્યક્તિગત સુખકારીનો ત્યાગ કરી દેશ માટે શક્ય એટલી આર્થિક પાયમાલા વ્હોરી.’

૧૯૫૦માં સરદાર સાહેબના મૃત્યુ બાદ મણીબેનને દિલ્હી સ્થિત મકાન પણ ખાલી કરવું પડ્યું. સરદાર મણીબેન માટે કંઈ મૂકીને નહોતા ગયા. માથે છત અને પાસે પૈસા વગર મણીબેને ખૂબ સંઘર્ષ કરવો પડ્યો.

અવસાન પહેલા સરદારે જે આદેશ આપ્યો હતો એ મુજબ મણીબેન એક પુસ્તક અને એક થેલો લઈ તત્કાલિન પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુ પાસે પહોંચે છે અને બંને નહેરુને સુપરત કરે છે. એ બુક હતી કોંગ્રેસ પાર્ટીની એકાઉન્ટ બુક અને એ થેલામાં હતા ૩૫ લાખ રૂપિયા...!

મણીબેન બેસી રહે છે નહેરુ ફક્ત આભાર માનીને ચૂપ થઈ જાય છે. વર્ષો બાદ ડો.વર્ગીસ કુરિયન જ્યારે મણીબેનને આ ઘટના વિશે પૂછે છે કે તમારી અપેક્ષા શું હતી નહેરુ પાસે ?

મણીબેન જવાબ આપે છે ‘મને આશા હતી કે નહેરુ મને મારી હાલત વિશે પૂછશે... હું કેવી રીતે દિવસો પસાર કરું છું એના વિશે પૂછશે... પણ એમણે કંઈ ન પૂછ્યું.’

આ ઘટના બાદ મણીબેન દિલ્હી છોડી અમદાવાદ આવી જાય છે. પાછળથી રાજકારણ પ્રવેશ કરી ૪ વાર સંસદ સભ્ય બને છે. ઈમરજન્સી બાદ જે પક્ષ માટે પોતાનું બાળપણ, જવાની, પરસેવો અને લોહી રેડ્યું એ કોંગ્રેસ પક્ષ છોડી જનતા પક્ષમાં સામેલ થાય છે અને અંતિમવાર મહેસાણાથી સંસદ તરીકે ચૂંટાય છે.

જીવનની સંધ્યા દરમિયાન મણીબેનની દૃષ્ટિ નબળી પડે છે. એમની પાસે કોઈ સહારો નહોતો. અમદાવાદની સડકો પર મણીબેન ભટકતા... ભટકતા ઘણીવાર પડી જતા. એ ત્યાં સુધી પડી રહેતા જ્યાં સુધી કોઈ મુસાફર ત્યાંથી પસાર ન થાય. અને એમની મદદ ન કરે ?

જ્યોર મણીબેન મરણપથારી પર હતા ત્યારે તત્કાલિન ગુજરાતના મુખ્યમંત્રી એમની પાસે એક ફોટોગ્રાફર લઈને જાય છે અને ફોટો પડાવે છે. જે બીજા દિવસે આખા ગુજરાતમાં છાપાઓમાં છપાય છે. મુખ્યમંત્રીનું કામ થઈ જાય છે.

મણીબેને આ દેશને ખૂબ આપ્યું. આ દેશે મણીબેનને શું આપ્યું ?

આજની પેઢીને મણીબેનનો ફોટો બતાવશો તો કદાચ નહીં ઓળખે. કારણ કે અહીં ગ્લેમર, ચકાચોંધ, દંભ, દેખાવ અને ઠાલી વાતો નથી અહીં તો દેશ માટે જાત હોમીને જતા રહેવાની વાત છે. કર્તવ્યપથ પર ગુમનામ રહીને ખપી જવાની વાત છે...!

મણીબેનને એમની જન્મજયંતિ પર શત શત નમન...

**શ્રદ્ધાંજલિ**

(૧)મુ.બોટાદ હા.અમદાવાદ આશિષભાઈ તથા જીગ્નેશભાઈ, ફાલ્ગુનીબેન, ભાવિકાબેનના પિતાશ્રી પ્રવિણચંદ્ર કાંતિલાલ દોશી તા.૮-૪-૨૦૨૨ના રોજ અરિહંતશરણ થયેલ છે.

**સમાજ તેઓના દુ:ખદ અવસાનથી દુ:ખની લાગણી અનુભવે છે. પ્રભુ તેઓના આત્માને શાંતિ અર્પે..**


મા-બાપની આંખમાં બેવખત આંસુ આવે છે
દીકરી ઘર છોડે ત્યારે... દીકરો તરછોડે ત્યારે...

**ધનલક્ષ્મી સ્ટોર્સ**

ઇમિટેશન • કોસ્મેટિક્સ • હોઝિયરી
• બેંગલ્સ - બિંદી અને બ્રા - પેન્ટી

૪૫/૩, પાર્શ્વનાથ સોસાયટી, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩. ફોન : (ઓ.) ૨૭૪૭૮૧૮૯

ભુપેન્દ્રભાઈ બારભાયા
મો. : ૯૪૨૬૭૬૭૯૯૮

છબીલભાઈ શાહ
મો. : ૯૪૨૬૫૭૭૨૧૮

# ભાવના...

એક મંદિર હતું.

એમાં બધા જ માણસો પગાર ઉપર હતા.

આરતીવાળો,

પૂજા કરવાવાળો માણસ.

ઘંટ વગાડવાવાળો માણસ પણ પગાર ઉપર હતો.

ઘંટ વગાડવાવાળો માણસ આરતી વખતે ભાવમાં એટલો મશગુલ થઈ જાય કે એને ભાન જ રહેતું નહીં.

ઘંટ વગાડવાવાળો માણસ પુરા ભક્તિભાવથી પોતાનું કામ કરતો, જેથી મંદિરની આરતીમાં આવતા લોકો ભગવાનની સાથે સાથે આ ઘંટ વગાડતા માણસના ભાવના પણ દર્શન કરતા. એની પણ વાહ વાહ થતી.

એક દિવસ મંદિરનું ટ્રસ્ટ બદલાયું અને નવા ટ્રસ્ટીએ એવું ફરમાન કર્યું કે 'આપણા મંદિરમાં કામ કરતા બધા માણસો ભણેલા હોવા જરૂરી છે, જે ભણેલા ના હોય એમને છુટા કરી દો.'

પેલા ઘંટ વગાડવાવાળા ભાઈને ટ્રસ્ટીએ કહ્યું કે તમારો આજ સુધીનો પગાર લઈ લો. ને હવેથી તમે નોકરી પર આવતા નહીં.

પેલાએ કહ્યું, સાહેબ, ભલે ભણતર નથી, પરંતુ મારો ભાવ જુઓ.

ટ્રસ્ટી કહે, સાંભળી લો, તમે ભણેલા નથી, એટલે નોકરીમાં રાખવામાં આવશે નહીં.

બીજા દિવસથી મંદિરમાં નવા લોકોને રાખવામાં આવ્યા. પણ આરતીમાં આવતા લોકોને પહેલા જેવી મજા આવતી નહીં. ઘંટ વગાડવાવાળા ભાઈની ગેરહાજરી લોકોને વર્તાવા લાગી.

થોડા લોકો ભેગા થઈ પેલા ભાઈના ઘરે ગયા. એમણે વિનંતી કરી કે તમે મંદિરમાં આવો.

એ ભાઈએ જવાબ આપ્યો, હું આવીશ તો ટ્રસ્ટીને લાગશે કે આ નોકરી લેવા માટે આવે છે માટે હું આવી શકીશ નહીં.

ત્યાં આવેલા લોકોએ ઉપાય જણાવ્યો કે મંદિરની બરાબર સામે તમને એક દુકાન ખોલી આપીએ છીએ. ત્યાં તમારે બેસવાનું અને આરતીના સમયે ઘંટ વગાડવા આવી જવાનું. બસ પછી કોઈ નહીં કહે કે તમારે નોકરીની જરૂર છે.

હવે એ ભાઈએ મંદિરની બહાર દુકાન શરૂ કરી. જે એટલી ચાલી કે એકમાંથી સાત દુકાન ને સાતમાંથી એક ફેક્ટરી થઈ ગઈ.

હવે એ માણસ મર્સીડીઝમાં બેસીને ઘંટ વગાડવા આવતો.

સમય વીત્યો. આ વાત જુની થઈ ગઈ.

મંદિરનું ટ્રસ્ટ ફરીથી બદલાઈ ગયું.

નવા ટ્રસ્ટીને મંદિરને નવું બનાવવા માટે દાનની જરૂર હતી.

મંદિરના નવા ટ્રસ્ટીઓએ વિચાર્યું કે સહુ પહેલા આ મંદિરની સામેની ફેક્ટરી માલિકને પહેલા વાત કરીએ.

ટ્રસ્ટીઓ માલિક પાસે ગયા. સાત લાખનો ખર્ચો છે એવું જણાવ્યું.

ફેક્ટરી માલિકે એક પણ સવાલ કર્યા વગર ચેક લખીને ટ્રસ્ટીને આપી દીધો. ટ્રસ્ટીએ ચેક હાથમાં લીધો ને કહ્યું, સાહેબ, સહી તો બાકી છે.

માલિક કહે, મને સહી કરતા નથી આવડતું. લાવો અંગુઠો મારી આપું, ચાલી જશે.

આ સાંભળી ટ્રસ્ટીઓ ચોંકી ગયા અને કહે, સાહેબ, તમે અભણ છો તો આટલા આગળ છો. જો ભણેલા હોત તો ક્યાં હોત ?

તો પેલા શેઠે હસીને કહ્યું, ભાઈ હું ભણેલો હોત ને, તો બસ મંદિરમાં ઘંટ જ વગાડતો હોત.

**સારાંશ :** કાર્ય ગમે તેવું હોય, સંજોગો ગમે તેવા હોય, તમારી લાયકાત, તમારી ભાવનાઓથી જ નક્કી થાય છે. ભાવનાઓ શુદ્ધ હશેને, ઈશ્વર અને સુંદર ભવિષ્ય ચોક્કસ તમારો સાથ આપશે.

જેની જીભમાં અમી તેને દુનિયા નમી
Remesh K. Doshi M. 98796 36628
Jinesh Doshi M. 8460186847
HIRA OPTICS
Verai Pada Pole, Gandhi Road, Ahmedabad.
રોશની ચશ્મા ઘર
તુલસીશ્યામ ફ્લેટ સામે, ભીમજીપુરા, નવા વાડજ
નરેન્દ્ર કે. દોશી M. : 8000360616
ROSHNI OPTICALS & WATCH
Sanjay Tower, Nr. Shyamal Cross Road, Satalite, Ahmedabad.
Aksha Doshi : 82382 58489

(M) 93286 82068
PIYUSH K. SHAH
FINANCIAL CONSULTANT
We Manage Money of Mutual Fund through Asset Allocation
We are Working in Term Life Insurance, Corporate Deposits
& Secondary Bond Market
Resi.: 8/89, Rameshwar Apartment, Sola Road, Ahmedabad-63.
E-mail : globalfinancialmanagement2009@gmail.com

## લક્ષ્મી : પુણ્યનું ફળ કે પાપની વેલ ?

આપણામાં એક દૃઢ માન્યતા છે કે લક્ષ્મી તો પુણ્યનું જ ફળ છે, ને પુણ્યવાળાને જ તે મળે છે. વાસ્તવિક રીતે એમ નથી. લક્ષ્મી કેટલીક વાર પાપનો પણ પરિવાર વધારે છે અને પૂર્વજન્મનાં ઘોર પાપનાં ફળરૂપેય આવે છે.

એક વચનસિદ્ધ મહાત્મા હતા. શાપ અગર આશિષ જેને આપે તે અવશ્ય ફળે. એકવાર અંધારામાં પ્રભાતે ગંગાસ્નાને જતા હતા, રસ્તામાં એક ઠૂંઠૂં ઊભું હતું તે પગમાં વાગ્યું ને સખત વેદના થઈ. સહસા બોલાઈ ગયું : 'હત્, તારું નખ્ખોદ જાય.'

સાથે શિષ્ય હતો. એણે સવારે જઈને જોયું તો ઠૂંઠૂં તો એવું જ ઊભું હતું. ચોમાસું આવ્યું અને ડાળીઓ ફૂટી. બે ચાર વર્ષે ઘટાદાર વૃક્ષ થયું.

શિષ્યે પ્રસંગ જોઈ ગુરુને પૂછ્યું : 'મહારાજ, આપનો શાપ મિથ્યા તો થતો નથી, છતાં આપના કહેવા પ્રમાણે ઠૂંઠાનું નખ્ખોદ કેમ ન નીકળ્યું ? એ તો ફાલીફૂલીને વૃક્ષ થયું.'

'બચ્ચા, ઉતાવળો ન થઈશ. પરિણામની રાહ જો.'

એક દિવસ સખત વંટોળિયો અને પ્રચંડ પવન વાવા લાગ્યો. તોફાનમાં મૂળ સહિત ઊખડીને ઝાડ નીચે પડ્યું.

બીજે દિવસે ગુરુ-શિષ્ય સાથે જ ગંગાસ્નાને જઈ રહ્યા હતા ત્યારે શિષ્ય ગુરુને કહ્યું : 'મહારાજ, આ શો ચમત્કાર ! આ તો આપનો શાપ જુદી જ રીતે ફળ્યો !'

ગુરુએ કહ્યું : 'બચ્ચા, ઠૂંઠૂં જો ઠૂંઠૂં જ રહ્યું હોત તો હજારો ઝંઝાવાતો એને ઉખેડી ન શકત અને પ્રચંડ પવનની એને કશી જ અસર ન થાત, પણ એ ફાલીફૂલીને વૃક્ષ થયું તેથી જ જડમૂળથી ઊખડી ગયું.'

પાપની લક્ષ્મી આ રીતે જ ફાલેફૂલે છે. ઘણા એમ પણ કહે છે કે ધર્મીને ઘેર ધાડ અને કસાઈને ત્યાં કુશળ, પણ પ્રભુના ન્યાય હંમેશા જુદા જ હોય છે. શ્રીકૃષ્ણે જેમ શિશુપાળની નવ્વાણું ગાળો ખાધી અને સોમી ગાળે ચક્ર ઉપાડ્યું તેમ, પાપની વેલીને પ્રભુ પહેલા ફાલવા દે છે, પછી જ પોતાના ન્યાયનો દંડ ઉગામે છે. દિન-પ્રતિદિન ફૂલતાફાલતા આજના કેટલાક લક્ષ્મીવાનોને જોઈ કોઈ એમ ન માને કે એ બધાં પુણ્યના જ ફળ છે !

## દિલને છેતરવાનું છોડીએ.

એક બહેને ગાંધીજીને એકવાર કહ્યું : 'બાપુજી, મેં પ્રાર્થના કરવાનું હવે છોડી દીધું છે.'

'શા માટે ?'

એ બહેન રોજ પ્રાર્થના કરવા બેસતાં હતાં. પણ એમનું મન એમાં સ્થિર થતું નહોતું. મનમાં જે-તે વિચારો આવ્યા કરતા ! એટલે એ બહેનને થયું કે, પ્રાર્થનામાં જો પ્રભુનું ધ્યાન ધરાતું ન હોય તો પ્રાર્થના કરવા બેસવાનો ઢોંગ શા માટે કરવો ? આમ પોતાના જ દિલને છેતરવું શા માટે ? એના કરતાં પ્રાર્થના ન કરવી એ જ સારું. તેથી એ બહેને બાપુ આગળ આ પ્રમાણે કહ્યું. બાપુએ એનું કારણ પૂછ્યું, એટલે એ બહેને જવાબ આપ્યો : 'કારણ કે, હું મારા દિલને છેતરતી હતી.'

બાપુએ કહ્યું : 'જવાબ તો બરાબર છે. પરંતુ દિલને છેતરવાનું છોડી શકાય, પ્રાર્થના શા માટે છોડવી જોઈએ ?'

## વાયદો પાડવો જ પડે.

સૌરાષ્ટ્રના જાણીતા કાર્યકર ફૂલચંદભાઈ બાપુજીની પાસે આશ્રમમાં રહેતા હતા.

તે એક દિવસ પોતાને ઘેર જવા રજા લેવા માટે બાપુજી પાસે ગયા. બાપુએ પૂછ્યું : 'પાછો ક્યારે આવીશ ?'

ફૂલચંદભાઈ બોલ્યા : 'શનિવાર કે રવિવારે પાછો ફરી જઈશ.'

બાપુ કહે : 'એમ ન ચાલે !'

એટલે એમણે કહ્યું : 'તો શનિવારે બપોરે આવીશ.'

ગાંધી બાપુ બોલ્યા : 'કાં તો ફૂલચંદ શનિવારે બપોરે બાર વાગ્યે આશ્રમમાં હાજર હોય, કાં તો એ બિમાર છે એવો પત્ર હોય, અથવા તો ફૂલચંદ મરણ પામ્યો છે એવો તાર હોય - આ ત્રણ વિના ચોથી વાત સંભવે નહીં.'

SHAH AGENCIES
SHAH EXPORTS
PROPRIETOR : ENJE SHAH ENTERPRISES PVT. LTD.
DEALING IN : POLYESTER FILM STRETCH FILM, SHRINK FILM & SLEEVE
EXPORTER : PRODUCTS FLEXIBLE PACKAGING
NAVIN SHAH • NIRAV SHAH • DEVANG SHAH
Adm. Off. : 317-318, Pushpam, Opp. Seema Hall, 100 Ft. Road, Satellite, Ahmedabad - 380 015.
Phone : 91-79-26932662, 63, 64
Fax : 91-79-26932665
E-mail : navinjshah@gmai.com

SHAH ASSOCIATES
DISTRUBUTORS : LAMINATED POUCHES, BOPP FILM / PVC SHRINK / CELLO TAPE / L.D. HMHD. P.P. PLAIN BAGS, PRINTED BAGS / CORRUGATED BOXES
ASHOK SHAH, HEMANG SHAH (M) 9825048421
Adm. Office : B-1, 104, 1st Floor, Paladium Complex, Corporate Road, S.G. Road, Setellite, Ahmedabad
Ph. : (079) 27558672
E-mail : shahpapers&foils@hotmail.com
shahpapers&foils@gmail.com
Phone : (R) (079) 26931040 / 41

JIVANSATHI.NET
મેરેજ બ્યુરો
લગ્નો ઉત્સુક દરેક જ્ઞાતી તથા ધર્મના યુવક-યુવતિઓ માટે
માત્ર કન્યાઓ માટે ૧૦૦% ફ્રી
સંપર્ક : ચંદ્રકાન્ત પંચાલ
એ-૯, તીર્થદેવભૂમિ એપાર્ટમેન્ટ, કેશવનગર રોડ, સુભાષબ્રિજ, અમદાવાદ-૨૭.
Mobile : 98 25 19 19 25
E-mail : info@jivansathi.net
Website : www.jivansathi.net



ખરો વિદ્યાભ્યાસ એ જ છે કે જેના વડે આપણે આત્માને, પોતાની જાતને, ઈશ્વરને અને સત્યને ઓળખીએ.

## શ્રી શ્વેતાંબર સ્થા.જૈન સંઘ, સાબરમતી

શ્રી શ્વેતાંબર સ્થાનકવાસી જૈન સંઘ, સાબરમતી ઉપાશ્રયમાં ચૈત્ર માસની આયંબિલની ઓળીના પાવન પર્વ અવસરે દરિયાપુરી સંપ્રદાયના આચાર્ય ભગવંત બા.બ્ર.પ.પૂ.વિરેન્દ્રમુનિ મહારાજસાહેબના આજ્ઞાનુવર્તી પ.પૂ.પ્રવિણાબાઈ મહાસતીજીના સુશિષ્યા બા.બ્ર.પ.પૂ.હર્શિતાબાઈ મહાસતીજી આદિ થાણા ૫ ની નિશ્રામાં નવ દિવસ ખૂબ જ ઉલ્લાસપૂર્વક ધર્મ આરાધના થયેલ છે. નવ દિવસ નીતનવી ધાર્મિક ક્વિઝ (પ્રશ્નોત્તરી) દ્વારા સંઘની મહિલા મંડળની બહેનો ને પૂજ્ય મહાસતીજી દ્વારા જ્ઞાન પીરસવામાં આવેલ હતું. જેમાં બહેનો તેમજ મહાસતીજીનો ઉત્સાહ નોંધપાત્ર હતો.

મહાવીર જન્મકલ્યાણક નિમિત્તે વિશેષ ભગવાન મહાવીર સ્વામી વિશે પ્રશ્નોત્તરી રાખવામાં આવેલ હતી. સંઘની સંસ્કાર પાઠશાળાનાં બાળકો દ્વારા ખૂબ જ પ્રસંશનીય મહાવીર સ્વામી સ્તવન-ગીતની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૨૨ જેટલા બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આયંબિલ ઓળીના અંતિમ દિવસે પૂજ્ય મહાસતીજીની પ્રેરણાથી સંઘની નાની પુત્રવધુઓ દ્વારા ૧૬ (સોળ) સતીનો ખૂબ જ અદ્‌ભુત અભિનય ગીત રજૂ કરવામાં આવેલ હતો.

આયંબિલ ઓળીનાં નવ દિવસ વ્યાખ્યાનમાં સંઘના ભાઈ બહેનોએ ખૂબ જ સારી સંખ્યામાં ભાગ લીધો હતો તેમજ ૪૦ + ૦૧ મહાસતીજી આયંબિલ ઓળીની આરાધના થયેલ હતી. સકળ શ્રી સંઘ તે બદલ પૂજ્ય મહાસતીજીને અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

પ્રમુખ : સુરેન્દ્ર જૈન
મંત્રી : હિમાંશુ સંઘવી

## શ્રી સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન સંઘ
### ઘીકાંટા, નગરશેઠનો વંડો, અમદાવાદ

**ત્રિવાર્ષિક ચૂંટણી ૨૦૨૨-૨૦૨૫ બિનહરીફ ચુંટાયેલ સભ્યો તથા હોદ્દેદારોની યાદી**

| નં. | ઉમેદવારનું નામ |
|---|---|
| ૧. | શ્રી નીલેશકુમાર ચમનલાલ શાહ (પાટડીવાળા) (પ્રમુખશ્રી) |
| ૨. | શ્રી બીપીનચંદ્ર જગજીવનદાસ શાહ (ઉપપ્રમુખશ્રી) |
| ૩. | શ્રી દિપકકુમાર જીવણલાલ સંઘવી (મંત્રીશ્રી) |
| ૪. | શ્રી હર્ષદભાઈ ચુનીલાલ શાહ (ખજાનચીશ્રી) |
| ૫. | શ્રી પરાગ હસમુખભાઈ શાહ (સહમંત્રીશ્રી) |
| ૬. | શ્રી બીપીનચંદ્ર પ્રેમચંદભાઈ શાહ (ટોકરાળાવાળા) |
| ૭. | શ્રી દિપકભાઈ મહાસુખલાલ શેઠ |
| ૮. | શ્રી પ્રફુલચંદ્ર રસિકલાલ તલસાણીયા |
| ૯. | શ્રી ઉમેશકુમાર નગીનદાસ દોશી |
| ૧૦. | શ્રી આનંદકુમાર લલીતમોહન શાહ |
| ૧૧. | શ્રી અપૂર્વભાઈ જશવંતલાલ સંઘવી |
| ૧૨. | શ્રી અરવિંદભાઈ શાંતિલાલ મહેતા |
| ૧૩. | શ્રી ભાવિકભાઈ રમણલાલ વસાણી |
| ૧૪. | શ્રી ચંદ્રકાંત રમણલાલ શાહ |
| ૧૫. | શ્રી દિલીપભાઈ દલસુખભાઈ શાહ |
| ૧૬. | શ્રી હિતેશકુમાર બટુકભાઈ સંઘવી |
| ૧૭. | શ્રી જીગ્નેશભાઈ રમેશચંદ્ર શાહ |
| ૧૮. | શ્રી રાજેશકુમાર પ્રવિણચંદ્ર શાહ |
| ૧૯. | શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ |
| ૨૦. | શ્રી વસંતભાઈ રતિલાલ શાહ |
| ૨૧. | શ્રી વિજયભાઈ ચંદ્રકાંતભાઈ શાહ |
| ૨૨. | શ્રી ભોગીલાલ ન્યાલચંદ શાહ |
| ૨૩. | શ્રી ધનેશકુમાર મહાસુખલાલ શાહ |
| ૨૪. | શ્રી જયેન્દ્રકુમાર ન્યાલચંદભાઈ શાહ |
| ૨૫. | શ્રી જયકાન્ત નગીનભાઈ શાહ |
| ૨૬. | શ્રી રમેશભાઈ પીતાંબરદાસ મહેતા |


જેની જીભમાં અમી તેને દુનિયા નમી.
શાહ જયસુખલાલ ધોળાભાઈ (પાળીયાદવાળા)
ગુજરાત મશીનરી કું.
મુમતાજ મહલ બિલ્ડિંગ, પેટ્રોલ પંપ સામે, ઝકરીયા મસ્જિદ, રિલીફ રોડ, અમદાવાદ.
ડિસ્ટ્રિબ્યુટર્સ : HONDA જનસેટ એન્ડ પંપ સેટ
કન્સ્ટ્રકશન મશીનરી એન્ડ સ્પેર્સ
ફોન : ૨૨૧૬૯૯૪૨, ૨૨૧૭૦૯૫૪
જયસુખભાઈ ડી. શાહ મો.૯૩૨૭૧૭૫૬૦૦
ધવલ જે. શાહ - મો. : ૯૮૨૪૦૩૭૩૨૦
નેહલ જે. શાહ - મો. : ૯૮૨૫૧ ૭૫૬૦૦

આપણું "મૃત્યુ" નિશ્ચિત છે, પણ સમય નક્કી નથી.
LIC
આપણા સહારે જીવન જીવનારને આપણી ગેરહાજરીમાં પણ સહારો આપીએ સુરક્ષાના પગલે પગલે......
લાઈફ ઇન્સ્યુરન્સના તેમજ જનરલ ઇન્સ્યુરન્સના કોઈ પણ કામકાજ માટે
ICICI
● મ્યુચ્યુઅલ ફંડના વિક્રેતા
નીપા પી. ગાંધી : તૃષ્ણા એચ. ગાંધી
જી-૪૧, હરિઓમ પાર્ક સોસાયટી, જય અંબે નગર રોડ, ઘોરા સોસાયટી સામે, થલતેજ, અમદાવાદ - ૩૮૦ ૦૫૪
(રહે.) ૨૬૮૫૨૪૮૫ મો. : ૯૪૨૮૨૯૨૦૮૨
E-mail : hjgandhi@redifmail.com

ભૂપેન્દ્ર વી. શાહ ફોન : ૨૫૩૫૫૯૭૧,૨૫૩૩૦૮૬૬
મો. : ૯૮૭૯૧ ૫૭૪૭૨
૯૭૧૪૧ ૩૫૯૪૦
Maruti
જયશ્રી બાલા હનુમાન સ્ટોર્સ
શ્રી મારુતિ હનુમાન સ્ટોર્સ
SHREE MARUTI HANUMAN STORES
Mfg. Wholeseller in :
નોટબુક, ફૂલસ્કેપ, પરીક્ષા પેપર, એકાઉન્ટ બુક, લેમિનેશન બ્રાઉન પેપર
દોશીવાડાની પોળના નાકે, ટંકશાળ રોડ, કાળુપુર, અમદાવાદ-૧



વિવેક બુદ્ધિની પૂર્ણતા છે, જીવનનાં બધાં જ કર્તવ્યોમાં તે આપણો પથ-પ્રદર્શક છે.

## જીવન શું છે ?

જીવન એક ખેતર છે. તે જૂઠું નહીં બોલે. તમે એને જેટલું આપો તેનાથી સો ગપણું કરીને તે પાછું આપે, પણ તમે કશું નહીં આપો તો એની પાસેથી તમને કશું નહીં મળે.

જીવન ખોટું લગાડતું નથી અને ખુશામત પણ કરતું નથી. ચોખ્ખો હિસાબ છે, જેવું આપો તેવું મળે.

જીવનને તમે શું શું આપ્યું છે ? સાચું કહો. જીવન પ્રત્યે તમને અવિશ્વાસ છે, કંજુસાઈ છે, નફરત છે. ઓછામાં ઓછું આપો અને ન છુટકે આપો પછી જીવનમાં સારા પાકની આશા કેમ રખાય ?

તમે ફરિયાદ કરો છો કે તમારું ભાગ્ય ઊઘડ્યું નહિ, જીવન ફળ્યું નહિ, તમે છેતરાયા છો, ભરમાયા છો, પણ તમારી ફરિયાદ સાચી નથી.

ધરતી છેતરતી નથી. જીવન છેતરાતું નથી. જીવન જૂઠું બોલતું નથી. જીવન તમને ફક્ત યાદ દેવરાવે છે કે તમે કશું આપ્યું જ નથી. ક્યાં પ્રેમ કર્યો છે, ક્યાં સાહસ કર્યું છે, ક્યાં ભોગ આપ્યો છે, ક્યાં શ્રદ્ધા રાખી છે ?

તમે ઝંપલાવ્યું નથી, અજમાવ્યું નથી, જીવન હોડમાં મૂક્યું નથી. પછી બદલામાં શું મળે ? તમે તમારી નિરાશા બતાવો એમાં તમે તમારા જીવનનો ગૂનો કબૂલ કરો છો અને જાહેર કરો છો. કારણ કે તમે જીવનમાં ખરેખર સાચી મૂડી રોકી હોત તો એનું મબલક વ્યાજ તો તમને મળી ચૂક્યું હોત. જીવન જૂઠું બોલતું નથી.

**‘અનુકમ્પા ભરેલું એક પણ કાર્ય,**
**ચાહે તેટલું અલ્પ હોવા છતાં,**
**કદી નકામું જતું નથી.’**

## અપેક્ષાઓ હણહણે છે...!

સંબંધો વણસે છે કારણ કે આપણી અપેક્ષાઓ હણહણે છે. અપેક્ષાને કાંચળીની જેમ ઉતારી નાંખીએ પછી મન આપોઆપ શાંત થશે. મને એ મન છે જ નહીં. મન તો છે રઝળતા ભિખારીનું કદી ન ભરાય એવું ભિક્ષાપાત્ર. મળ્યું છે એટલું પૂરતું છે એનો આનંદ શું કામ ઓછો કરી નાંખવો ? માગ માગ કરતા મનને કહેવું કે ‘માફ કરો’ - અને આપણે નીકળી પડીએ આપણે રસ્તે.

બહાર ઊભેલા ભિખારીને સુવર્ણના રથમાં બેસાડશું તો પણ એ બેસશે તો ભિક્ષાપાત્ર લઈને જ. ભિખારી-મનને સહેજ પણ દા આપવી નથી. એકવાર દાદ આપશું તો એ બીજા ભિખારીના રૂપમાં આવશે. એ અપંગ છે, રોગિષ્ઠ છે, અંધ છે, બહેરો છે. લકવાગ્રસ્ત મનનો કોઈ ઈલાજ નથી. એક જ ઈલાજ કે એને આપણી બહાર ફેંકી દેવું. મન જ્યારે માલિક થાય છે ત્યારે શરીરે એની ગુલામી સ્વીકારવી જ પડે છે.

મોક્ષનો એક જ અર્થ : નરી ઈચ્છામુક્તિ.

**“Problems are the gifts that make us dig out & figure out who we are, what we’re made for, and what we’re responsible for giving back to life.”**

**- Tony Robbins**


ચૈતાલી દોશી : ૭૮૭૮૧ ૫૭૯૩૯

અરિહંત ઓટો એડવાઈઝર



- ડ્રાઈવીંગ લાયસન્સ / રીન્યુ / ફેરફાર
- દરેક પ્રકારના વ્હીલર ટ્રાન્સફર
- તમામ પ્રકારના RTO ના કામકાજ
- વ્હીકલ ચોઈસ નંબર / HSRP નંબર પ્લેટ
- વ્હીકલ ઈન્સ્યોરન્સ

Neminath Electronics

Ritesh Shah
M. : 9974425154
riteshshah105@gmail.com

Deal in : All Types of Industrial Electronics Component

B/417, 4th Floor,
Sumel-11, Nr. Namaste Circle,
Delhi Darwaja to Sahibaug Road,
Sahibaug, Ahmedabad-380004.

હર્ષદભાઈ : (M) 98244 45844
પ્રતિક : (M) 98258 03686

સર્વોદય

૧, વૃંદાવન બિલ્ડીંગ,
આઈ.ડી.બી.આઈ બેંક સામે,
ગુરૂકુળ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોનઃ (O)27433686 (R)27483721

Email: sarvoday3686@gmail.com




આપણી અંદરની ગંદકીને આપણે બહાર ન કાઢીએ ત્યાં સુધી પ્રાર્થના કરવાનો આપણને હક્ક નથી.

## સાચું દર્શન

વાત છે કેનેડાની.

શિયાળો ગજબનો જામ્યો હતો. આખી રાત વરસાદ પડ્યો હતો. પરોઢના બરફની વર્ષા શરૂ થઈ. થોડા સમયમાં ચારે બાજુ બરફના ઢગલા થઈ ગયા. એક ભાઈ પોતાની ખુલ્લામાં પડેલી ગાડીની સ્થિતિ જોવા બહાર નીકળ્યો તો ગાડી દેખાય નહીં. ઉપર બરફનો મોટો ઢગલો જામી ગયો હતો. એ જ વખતે એમની નજર સામેના મકાન ઉપર ગઈ. એના છાપરા ઉપર બરફનાં પડ થઈ ગયા હતા. આ ભાઈએ ઘરમાં જઈ તરત જ સામેવાળા પાડોશીને ફોન કર્યો. સામેથી જવાબ આવ્યો કે ‘હું પોતે જ તમને ફોન કરવાની તૈયારીમાં હતો. તમારા મકાન ઉપરનો બરફ નહીં હટાવો તો થોડીવારમાં બધું તૂટી પડશે.’

બંને જણા પોતપોતાની સામેના મકાન ઉપરનો બરફ જોતા હતા. પણ એમને પોતાના છાપરા ઉપર થઈ ગયેલા બરફના ઢગલાનો અણસાર પણ નહોતો આવતો. આપણી બધાની આવી જ સ્થિતિ છે. સામાના ઘરમાં થયેલો ભડકો આપણને દેખાય છે ને આપણે ત્યાં સળગેલી હોળી વિશે આપણને વહેમ સરખો નથી આવતો. સામાના એક દોષ વિષે આપણે કાગારોળ કરી મૂકીએ છીએ. પણ પોતાના ગંભીર દોષ તરફ આપણે સાવ આંખ મીંચામણા કરી જઈએ છીએ.

શું આપણું ‘જ્ઞાન’ આપણે અન્યને સુધારવામાં જ પૂરું કરી નાખીશું ? આપણા પોતાના વિકાસ તરફ આપણી નજર જ નહીં જાય ?

## ભગવાન અને ભક્તનો સંબંધ

જયદ્રથ, કૃપાચાર્ય વગેરેએ ભેગા થઈને અભિમન્યુને માર્યો.

અર્જુનનો એક એકનો એક પુત્ર, અર્જુનથી સવાયો થાય એવો. તાજો જ પરણેલો. ઉત્તરા હજુ પહેલું જ આણું વાળીને આવેલી. એ ઉત્તરાનો બહાદુર પતિ-પોતાનો પુત્ર માર્યો ગયો એમ જ્યારે જાણ્યું ત્યારે અર્જુનથી રહેવાયું નહીં. એટલે એકદમ પ્રતિજ્ઞા લઈ લીધી કે : ‘કાલ સાંજ સુધીમાં હું જયદ્રથને ન મારું તો હું ચિંતા ખડકીને બળી મરીશ.’

મનુષ્ય સ્વભાવના કેવા કેવા ઊભરાઓ હોય છે ?

ભગવાને એને કહ્યું : ‘અર્જુન ! તેં ઉતાવળ કરી. મારવો હતો તો બોલવાની શું જરૂર હતી ? તું આ બોલ્યો એ સમાચાર દુર્યોધનને પહોંચી જવાના. એટલે હવે તો એ જયદ્રથનું પાકું રક્ષણ કરશે. આપણું કામ તેં વધુ કઠણ કરી નાખ્યું. વગર બોલ્યે જ કરવું હોય તે કરાય. આપણે એવી પ્રતિજ્ઞા લીધી છે કે જે કરવું હોય તે બોલવું જ ? આ તેં શું કર્યું ?’

અર્જુન કહે : ‘મારો નિશ્ચય છે. અભિમન્યું પાછળ હું બળી મરીશ. મરવાનું પસંદ કરીશ. પણ જયદ્રથને તો હું કાલ સાંજ સુધીમાં મારીશ જ.’

ભગવાન કહે : ‘અર્જુન ! એ વાત સાવ સાચી. પણ શંખ વગાડીને એ કહેવાની શું જરૂર ?’

જયદ્રથને અર્જુનની પ્રતિજ્ઞાની ખબર પડી. એણે કહ્યું : ‘હવે હું સિંધુ દેશ બાજુ ચાલ્યો જાઉં. હવે હું બચી શકીશ નહીં.’

ધન કરતાં ધર્મ કિંમતી છે, ધન એક ભવ પુરતું છે. ધર્મ તો ભવોભવનો તારક છે, દ્રષ્ટિ બદલાશે, તો દિશા બદલાશે.
PRAVINBHAI J. BARBHAYA : 9427907933
VIRANG : 9825010919 BRIJESH : 9016450264
VIRANG ENTERPRISE
TATA mahindra FORCE EICHER SWARAJ MAZDA
BUS BODY ITEMS & AUTOMOBILE COMPONENTS
STOCKIST IN : ALL AUTOMOBILE FIBER PRODUCTS
SALES OFFICE : 26, Celler, India Estate, B/h. Relief Hotel, Sanand Road, Sarkhej, Ahmedabad. Phone : 079-26891087

SIDDHARTH PRINTERY
• Graphic Designing & Printing
• Acrylic & Signage Board
• Non Woven Bag Printing
SCAN FOR CATALOGUE 09925117710 SCAN FOR PROFILE
LL-13 Harekrishna Complex, Opp. Kothawala Flats, Paldi, Pritamnagar, Ahmedabad-380 006.
siddharthprintery@gmail.com

## એકદમ સરળ

કેસ્ગે નામનો એક અમેરિકન.

૭૦ વર્ષની વયે ધંધામાંથી નિવૃત્ત થઈને એણે દુકાન કાઢી. એ પછી ૨૯ વર્ષમાં એણે આખા અમેરિકામાં એક હજાર રીટેલ સ્ટોર્સ શરૂ કરીને ડંકો વગાડી દીધો. એ લગભગ સો વરસનો થઈને મરણ પામેલો. એટલા ગાળામાં એ એક અબજ અને સાઠ કરોડ કરતાં વધારે રૂપિયા કમાયેલો.

એ દિલનો પાછો એવો દાનેશ્વરી કે આમાંથી મોટી રકમ એણે દાનમાં આપી દીધેલી.

એ કહેતો : 'હું કદી ઈશ્વરની મહાનતા અને માનવીના ગૌરવને ભૂલ્યો નથી. હું જન્મ્યો ત્યારે આ જગત જેવું હતું એના કરતાં એને જરાક વધારે સારું બનાવવા મેં મારાથી થાય એટલા પ્રયત્ન કર્યા છે. મને ઠીક ઠીક સંતોષ થાય છે.'

જીવનની સફળતાના રહસ્ય વિષે પૂછવામાં આવતાં એણે કહેલું : 'મારી જીવન ફિલસૂફી સાવ સાદી છે. વહેલા જાગવું. વહેલા સૂઈ જવું. સખત મહેનત કરવી. લોકોને ઉપયોગી થવું. કોઈ પણ ખોટપને મગજમાં રાખવી નહીં. પોતાના કામમાં મસ્ત રહેવું. હંમેશા ઉત્સાહ જાળવવો ને ભગવાનને ભૂલવા નહીં. આ બધાની સામે ગમે એવા કપરા સંજોગોના ભુક્કા બોલી જાય છે !'

## ઈંટ દર્પણ બને ?

એક સાધક. માત્સુ એનું નામ. પોતાની ઝૂંપડીમાં તે સાધનામાં જ કર્યા કરતો તપ, યોગ અને ભક્તિમાં જ લીન.

એક વખત એ સાધનામાં હતો ત્યારે તેના ગુરુ આવ્યા. માત્સુએ તો એ તરફ જરાયે જોયું જ નહિ. સાધના અને ભગવત ભજન ચાલું જ રાખ્યાં. ગુરુ તો બેસી ગયા સામે. ઈંટ લીધી. પત્થર લીધો. ઈંટને પથ્થર પર જોરજોરથી ઘસવા લાગ્યા.

સાધકની સાધના ચાલુ હતી છતાં ધ્યાન તો વિચલિત થાય જ ને ! સાધકનું મૌન તૂટ્યું. સાધક માત્સુનું ધ્યાન વિચલિત થયું. તેણે ગુરુને પૂછ્યું : 'આ શું કરો છો ?'

ગુરુજીએ કહ્યું : 'ઈંટનું દર્પણ બનાવું છું.'

માત્સુએ કહ્યું : 'આ તો ભારે નવાઈની વાત ! આવું તો જાણ્યું નથી. ઈંટ તે કદી દર્પણ બનતી હશે ?'

ગુરુએ કહ્યું : 'ઈંટને ખૂબ ઘસીશ... ખૂબ ઘસીશ. ખૂબ ઘસાઈને લીસી થઈ જશે એટલે દર્પણ બની જશે.'

માત્સુએ કહ્યું : 'ભાઈ, તારા મનની ઈંટને આ રીતે ઠાલી પ્રાર્થના અને સાધનાના પથ્થર પર ઘસ્યા કરે છે એથી શું તારું મન દર્પણ બનવાનું છે ? ઊઠ ! કોઈ સારાં કામ કર, કોઈ ભલાં કામ કર, કોઈ ઉપયોગી કામ કર, સમાજ અને જનજીવનને મદદરૂપ થા. જનતામાં ભળી જા. પ્રાર્થના ત્યારે જ કામ આવશે. પરિશ્રમ વગરની એકલી પ્રાર્થના કે ભક્તિથી કદી કોઈ ભક્તનું ભલું થયું જાણ્યું છે ? ભલું તો ભલું કરવાથી જ થાય. સમજ્યો ? ઊઠ અને જાગ !'

અને તે દિવસથી માત્સુએ મનની ઈંટને ઠાલી પ્રાર્થનાથી ઘસવાનું મૂકી દીું. તે જનતા-જનાર્દનના કામે લાગી ગયો. પરોપકારની પ્રવૃત્તિ સાથે પ્રીત કરી દીધી. તે સાચા અર્થમાં અચ્છો સાધક બની ગયો. તેની સાધના અમર થઈ ગઈ.

Alkeshkumar Kalpeshkumar
અલ્કેશકુમાર કલ્પેશકુમાર
કાપડના વહેપારી
એસ/૬૯, સિંધી માર્કેટ, રેવડી બજાર, અમદાવાદ-૨
ફોન : ૨૨૧૭૦૪૭૭, ૨૨૧૭૫૮૩૧

એચ. કે. હાઉસ
૧૭, સરકીવાડની પોળ, સારંગપુર દરવાજા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૧ ૧૬૯૭, ૨૨૧૧ ૦૫૦૪


હરજીવનદાસ કસળચંદ શાહ પરિવાર
(પાળીયાદવાળા)
રજનીકાંત શાહ - ૨૬૩૦ ૬૬૪૬
જયંત શાહ - ૨૨૧૧ ૪૧૮૦ અલ્કેશ શાહ - ૨૬૩૦ ૫૩૧૪
અતુલ શાહ - ૨૨૧૪ ૬૭૮૦ કલ્પેશ શાહ - ૨૭૪૫ ૧૬૭૪

(Gandhi & Sons. Excise Consultant)
OJAS SALES
SHARDA INDUSTRIES
MANANSIDDH ENTERPRISE
Dealing in Dyes - Intermediates, E.T.P. Chemicals, Other Chemicals
YASHVI CORPORATION • YASHVI PAPER TECH
393/A, Phase-II, Beside Krupa Chemicals, G.I.D.C. Vatva. Ph. : (O) 25830017
Fax : 25832218 (M) 98250 63061
DARSHAN GANDHI (M) 98986 60003
સૌજન્ય : કાંતિલાલ આણંદજી ગાંધી

લેટેસ્ટ ટેકનિકથી કાનની બુટ ચોંટાડવા
• સ્ટીચલેસ (ટાંકા વગર) • પેઇનલેસ
• નહીં પટ્ટી, નહીં ડ્રેસિંગ • માત્ર એક સીટિંગમાં • માત્ર ૧૫ મિનિટમાં જ..
તરત જ બુટ્ટી પહેરાવવામાં આવે છે.
ક્લિનિક : ડૉ. શ્રુતિ જે. કોઠારી
M.B.B.S.
ફેમિલી ફિઝિશિયન
સોમ થી શનિ સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ સાંજે ૫-૩૦ થી ૮-૦૦
યુ-૧૮, અક્ષરધામ કોમ્પ્લેક્ષ, પ્રેમચંદનગર પાસે, જજીસ બંગલો રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ. ફોન : ૨૬૭૬૫૮૮૫
અન્ય સવલતો : રસી કેન્દ્ર, ગાયનેક તપાસ, ડાયટરી ક્લિનિક, સ્ટરિલાઇઝ્ડ પેઇનલેસ ટેકનીકથી નાક-કાન વિંધાવવા, બેલી પિયરસીંગ, ફેમિલી ફિઝિશિયન, LIC પેનલ ડૉક્ટર



અમે સ્ટાર નથી બનાવતા..
કલાકાર બનાવીએ છીએ !
PARISHA
ACTING STUDIO
Program
શું તમે સારા કલાકાર બનવા માંગો છો !
શું તમે ટી. વી. માં આવવા માંગો છો !
શું તમે દર્શકોના હૃદયમાં વસવા માંગો છો !
સમાજના સભ્યો માટે સ્પેશિયલ ડીસ્કાઉન્ટ
C. G. Road, Ahmedabad. Call : 9898544798 • Email : parishaactingstudio@gmail.com • wwwparishaactingstudio.in

A Complete Security & IT Solution Provider
Infrasoul Techserve Pvt. Ltd.
Ph : 079 65 45 09 09 | www.infrasoul.com | info@infrasoul.com
HO : 805, Shapath 1, Opp. Rajpath Club, S.G.Highway, Ahmedabad. Branch : Baroda | Surat
Biometric Solutions
Intrusion Alarm System
Public Addressing
Fire Alarm System
Automation
Video Surveillance
Infrasoul
Video Door Phone
Complete Network Solutions
EPABX
FTTH
Video Conferencing
Gates & Parking Automation
Solar Based Solutions
GPS Tracking
Associate Companies
Sanghvi Consultancy | Providing all Types of Insurance Solutions
Sanghvi Infotech Pvt Ltd. | A Complete IT and Networking company

# D. D. ENTERPRISE

Cellar 1/2/3, Devashray App., Opp. Kothawala Flat,
Pritamnagar Road, Ellisbridge, Ahmedabad - 380 006

**Ph.:- 079 - 2658 5072 , 2658 5092**

E-mail :- ddenterprise2007@rediffmail.com

**-: DISTRIBUTOR :-**
Garment, Hosiery & Loungewear

| | |
|---|---|
| Jockey | Paras Hankies |
| Barry & Clark | Duke |
| Lyra Leggings | Stori |
| Sweet Dreams | Be Positive |
| Sherry | Dare |
| Cool Babes | Curve T-shirts |
| One 8 Socks | Grey Leaf |
| Arvind | Killer |

Milan Shah (Managing Director)
Cell: +91 92272 58500

AN ISO 9001:2015 CERTIFIED COMPANY

# Webplus INFOTECH

- Website Design & Development
- Search Engine Optimization (SEO)
- Android, iOS Mobile App Development
- Corporate Identity
- Domain & Website Hosting
- Software Development

CIN: U72200GJ2014PTC079036

WEBPLUS INFOTECH PVT. LTD.
H-310, Titanium City Center, Next to Sachin Tower, 100 Feet Anand Nagar Rd, Jodhpur Village, Ahmedabad, Gujarat 380015
Phone: Tel : +91 79 40091079, 40081079 Email ID: info@webplusinfotech.net Website: www.webplusinfotech.net

DHOLAKIA STUDIO

# DHOLAKIA STUDIO

B-1, Shivalik Business Center, B/h. Rajpath Club, Opp. Kensville golf academy,
S.G. Road, Ahmedabad-380054 • Ph. +91 79 29091133 / 92274 96961-2-3
Website: www.dholakiastudio.com • contact@dholakiastudio.com

New Attractions
- pre wedding shooting & Photography - indoor & out door
- DSLR video filming - short & long version
- best packages on studio photography - matrimonial - kids & family
- personalized gift items with photos - mug - t shirts - collages - gift cards etc.
- attractive photo frames
- video filming with HD cameras
- digital photography
- live telecast through internet
- documentary film
- commercial video - photography
- photo lamination - framing
- designer album
- old album to new album
- portraits - portfolio
- vhs / min dv / hdv to cd - dvd - blueray

## EVERYTHING IN VIDEO & PHOTOGRAPHY

Yosomate
Find Your Soulmate.
app.yosomate.com

- Combination of Digital & Traditional Marriage Bureau.
- Profiles from good education and social background.
- See best and verified profiles.
- Personalised analysis of each profiles
- Group and one -on- one meetings

We DO NOT share your contact, email or address information without your consent

Shortly Announcing
SOULMATE FEST-22
યુવામેલા-for Educated / Elite profiles
Call for Date & Venue on
8141120211
208, Shivalik Satyamev, Bopal cross road, Ahmedabad,

# ભૂલકાં ચિલ્ડ્રન હોસ્પિટલ



- બાળરોગ અને નવજાત શિશુના નિષ્ણાંત
- રસીકરણ કેન્દ્ર
- જન્મથી ૧૮ વર્ષ સુધીના બાળકોની સારવાર

ડો. અપૂર્વ એન. સંઘવી
એમ.ડી.ડી.પેડ.
TIME: 10:00 AM to 11:00 AM
5:30 PM to 8:30 PM

602, JP 12th બિઝનેસ હબ, રાજ સ્ટેશનર્સની સામે, કોટક બેન્કની ઉપર,
નહેરુનગર, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ Contact No. 98250 96984, 82000 42397

CA Yesha Doshi

Deals in : Home Loan, Car Loan, Mortgage Loan, Construction Loan, Loan Against Property, Business Loan

Yesha Doshi
& Associates

Also Deals in Book Keeping, GST, TDS Return & Income Tax Return

G-1, Ashwamegh Avenue, Nr. Mithakhali Under Bridge,
Mithakhali Six Cross Road, Navrangpura, Ahmedabad-380009
9429620317 doshi.financeassociates@gmail.com



Registered under Postal Registration No. GUJ-314/2020-2023 Valid up to 31st December 2023 issued by SSPO's Ahmedabad City Division, Permitted to Post at Ahmedabad PSO on 18th of Every Month

 R.N.I. No. GUJGUJ/2004/14264 Reg. No. GUJ-314/2021-2023


વિશ્વની નંબર ૧ રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ ટેકનોલોજી હવે કે. ડી. હોસ્પિટલ માં

કુશળ હાથો દ્વારા રોબોટિક્સ
ટેકનોલોજીનો અનુભવ કરો



**ડૉ. અમીર સંઘવી**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ એન્ડ માઇક્રોપ્લાસ્ટી સર્જન
જોઈન્ટ રીપ્લેસમેન્ટમાં ફેલોશીપસ : ઓસ્ટ્રેલિયા, યુ.કે., ઇટલી અને યુ.એસ.એ.
+91 98250 66013

**ડૉ. અતીત શર્મા**
ની હિપ એન્ડ શોલ્ડર રિપ્લેસમેન્ટ સર્જન
+91 98240 61766

**ડૉ. ચિરાગ પટેલ**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 24473

**ડૉ. હેમાંગ અંબાની**
ની રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 20120

ઓછી પીડા
ઝડપી રિકવરી
સાંધાની સંપૂર્ણ ગોઠવણી અને સંતુલન
ઓછું લોહીનું નુકશાન
ઓછું હાડકાઓને નુકશાન
ઓછો ઓપરેટિંગ સમય



**અપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો : +91 95744 45559**

KD Hospital
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

Shree Orthocare
Strength in Togetherness

www.kdhospital.co.in KDHospitalOfficial KD Hospital kdhospitalofficial

Vaishnodevi Circle, SG Road, Ahmedabad - 382421, Call : +91 98240 33360


પ્રેષક : If undelivered to return to Reg. No. GUJ-314/2021-2023 Valid up to 31-12-2023

**શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ**
"શાન્તમ્", પાંચમો માળ, હેવમોર
રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા,
અમદાવાદ - ૯. ફોન : ૨૬૪૨૫૬૭૦

પ્રતિ શ્રી,

મુદ્રક અને પ્રકાશક : શ્રી અજય નગીનદાસ દોશી - શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ
મુદ્રણ સ્થાન : જય ઓફસેટ (ગુજરાત) પ્રા. લી. ૧૫, પંચરત્ન ઇન્ડ.એસ્ટેટ, સરખેજ બાવળા હાઇવે, ચાંગોદર, અમદાવાદ - ૩૮૨૨૧૩
પ્રકાશન સ્થળ : "શાન્તમ", ૫ મો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯ ફોન નં. ૨૬૪૨ ૫૬૭૦ (મો) ૮૨૩૮૦ ૫૫૫૭૫